Appeal(I.C.) No.74/2024
Order Under Ex-14

# ઔદ્યોગિક ન્યાય પંચ નં.૧ ના પ્રમુખ અધિકારીશ્રી સમક્ષ, સુરત.

અપીલ (આઈ.સી.) નં.૭૪/૨૦૨૨

એપેલન્ટ :– શ્રી ઉકાઈ પ્રદેશ સહકારી ખાંડ ઉદ્યોગ મંડળી લી.

::– વિ રૂ ઘ્ધ –::

રીસ્પોન્ડન્ટ :– શ્રી સુખારામ ડી.નાયક

## ::– એપેલન્ટની આંક–૧૪ ની અરજી નીચે હુકમ –::

**(૧)** એપેલન્ટ તરફેની હાલની અરજીમાં જણાવેલ છે કે, " એપેલન્ટ સંસ્થા આ અપીલના ન્યાયી નિકાલ માટે અત્યંત મહત્વના એવા દસ્તાવેજો રજુ કરે છે, જે આ અપીલ દાખલ કર્યા બાદ અસ્તિત્વમાં આવ્યા છે; જેમાં રિસ્પોન્ડન્ટ કામદારે ગ્રેચ્યુઈટીની રકમ સ્વીકાર્યા બદલનો ચેક, રિસ્પોન્ડન્ટ દ્વારા કોઈપણ વિરોધ વગર નાણાં સ્વીકાર્યા અંગેની સહી કરેલી રસીદ, અને રિસ્પોન્ડન્ટ દ્વારા ત્યારબાદ દાખલ કરવામાં આવેલ ગ્રેચ્યુઈટી અરજી નં.૨૭/૨૦૨૪ માં થયેલ આખરી હુકમની નકલ સામેલ છે. આ દસ્તાવેજો નિર્વિવાદપણે સાબિત કરે છે કે રિસ્પોન્ડન્ટ કામદારે નિવૃત્તિના તમામ લાભો સ્વીકારી લીધા છે અને સદર ગ્રેચ્યુઈટીના હુકમમાં કામદારે પોતાની નિવૃત્તિની તારીખ ૩૧–૦૫–૨૦૧૫ હોવાનો સ્પષ્ટ સ્વીકાર કરેલ છે. આ દસ્તાવેજો પરથી સ્પષ્ટ સાબિત થાય છે કે રિસ્પોન્ડન્ટ વર્ષો પહેલા વયમર્યાદાના કારણે નિવૃત થઈ ચુકયા હોઈ, નીચલી અદાલતનો પુનઃસ્થાપનાનો હુકમ કાયદેસર નથી અને ભુલભરેલો છે. જેથી આ દસ્તાવેજોને ન્યાયના હિતમાં રેકોર્ડ પર લેવા અનિવાર્ય છે."

**(૨)** રીસ્પોન્ડન્ટ કામદાર તરફે હાલની અરજી ઉપર વાંધો હોવાનો શેરો કરવામાં આવેલ છે.

**(૩)** એપેલન્ટ તરફે વિ.વ.શ્રી ટી.એલ.હાલારીની દલીલો સાંભળવામાં આવેલ છે. જેમાં હાલની અરજી મુજબની હકીકતો જણાવેલ છે.

**(૪)** રીસ્પોન્ડન્ટ તરફે શ્રી દિપકભાઈ પીપરોડીયાની દલીલો સાંભળવામાં આવેલ છે. જેમાં મુખ્યત્વે જણાવેલ છે કે, એપેલન્ટ તરફેની હાલની અરજી કાયદેસર ચાલવા પાત્ર નથી અને અપીલના તબકકે દસ્તાવેજી પુરાવા રજુ કરવા પરવાનગી આપી શકાય નહી.

**(૫)** એપેલન્ટની હાલની અરજી, અરજી સાથેના લીસ્ટ મુજબના કુલ–૦૩ દસ્તાવેજી પુરાવા રેકર્ડ ઉપર લેવા હુકમ કરવા માટેની છે. અરજીની હકીકત ઘ્યાને લેતાં, આ દસ્તાવેજો પરથી રીસ્પોન્ડન્ટ કામદાર વર્ષો પહેલાં વયમર્યાદાના કારણે નિવૃત્ત થઈ ચુકયા હોવાથી નીચલી અદાલતમાં પુનઃસ્થાપનનો હુકમ કાયદેસરનો ન હોવાનું અને ભુલભરેલો હોવાનું સાબિત થતું હોવાની હકીકત જણાવેલ છે. હાલની અરજી સાથેના લીસ્ટથી રીસ્પોન્ડન્ટ કામદારે ગ્રેચ્યુઈટીની રકમ સ્વિકાર્યા બદલના ચેકની ઝેરોક્ષ નકલ, રીસ્પોન્ડન્ટે નાણાં સ્વિકાર્યા અંગેની સહી કરેલી રસીદની ઝેરોક્ષ નકલ તથા ગ્રેચ્યુઈટી અરજી નં.૨૭/૨૦૨૪ માં થયેલ આખરી હુકમની ઝેરોક્ષ નકલ રજુ કરવા ધારેલ છે. એપેલન્ટની અપીલ મુળ ટી.અરજી નં.૪૧૪/૨૦૧૦ ના કામે આંક–૨૭ થી તા.૨૯/૦૪/૨૦૨૨ ના રોજ મજુર અદાલત, સુરત ઘ્વારા કરવામાં આવેલ હુકમ વિરૂઘ્ધ દાખલ કરેલ છે. સદર હુકમમાં રીસ્પોન્ડન્ટ કામદારને નોકરીની સળંગતા અને પડેલા દિવસોના ૫૦% પગાર સહિત મુળ જગ્યાએ પુનઃસ્થાપિત કરવા હુકમ કરવામાં આવેલ છે. એપેલન્ટની અપીલના કારણોમાં, રીસ્પોન્ડન્ટ કામદારે મુળ ટી.અરજીના કામે આંક–૧૯ થી રજુ કરેલ સરતપાસના સોગંદનામામાં તેઓની ઉંમર–૬૦ વર્ષ તેમજ ઉલટ તપાસમાં ઉંમર–૬૨ વર્ષ બતાવેલ હોવાનું તેમજ નિ.૧૮/૫ થી રજુ કરેલ ઓળખકાર્ડમાં તેઓની જન્મ તા.૦૧/૦૬/૧૯૫૭ લખેલ હોવાનું તેમજ સંસ્થાને લાગુ પડતા સ્ટેન્ડિંગ્સ ઓર્ડર મુજબ તા.૩૦/૦૫/૨૦૧૫ ના રોજ રીસ્પોન્ડન્ટ કામદાર ૫૮ વર્ષની નિવૃત્તિ વય વટાવી ચુકયા હોવાનું રેકર્ડ ઉપર હોવા છતાં નોકરીમાં પુનઃસ્થાપિત કરવાનો હુકમ કરેલ હોવાની તકરાર લેવામાં આવેલ છે. મુળ ટી.અરજીનું રેકર્ડ ઘ્યાને લેતાં, રીસ્પોન્ડન્ટ કામદારને તા.૦૯/૧૨/૨૦૦૯ ના રોજ લેખિત હુકમથી નોકરીમાંથી છુટા કરેલ હોવાની હકીકતે ટી.અરજી તા.૦૫/૦૪/૨૦૧૦ ના રોજ દાખલ કરવામાં આવેલ છે અને સદર કામે આંક–૧૯ થી તા.૨૨/૦૪/૨૦૧૯ ના રોજ રીસ્પોન્ડન્ટ કામદારની સરતપાસનું સોગંદનામું રજુ કરવામાં આવેલ છે. સરતપાસના સોગંદનામામાં તેઓની વય નિવૃત્તિની તારીખ જણાવવામાં આવેલ નથી. મુળ ટી.અરજીનો આખરી ચુકાદો તા.૨૯/૦૪/૨૦૨૨ ના રોજ આવેલ છે. ત્યાર બાદ રીસ્પોન્ડન્ટ કામદારે દાખલ કરેલ ગ્રેચ્યુઈટી અરજી નં.૨૭/૨૦૨૪ ના તા.૩૦/૦૯/૨૦૨૪ ના રોજના હુકમની ઝેરોક્ષ નકલ તથા રીસ્પોન્ડન્ટ કામદારે ગ્રેચ્યુઈટી રકમનો તા.૧૦/૦૫/૨૦૨૩ ના રોજનો ચેક સ્વિકારેલ હોવા અંગેની તા.૧૦/૦૫/૨૦૨૩ ના રોજની પાવતીની ઝેરોક્ષ નકલ હાલની અરજીથી રજુ કરવા ધારેલ છે.

આમ, આ તમામ હકીકતો ધ્યાને લેતાં, રજુ થઈ રહેલ દસ્તાવેજી પુરાવા એપેલન્ટની અપીલમાં લેવામાં આવેલ તકરારના નિર્ણય માટે ઉપયોગી જણાય છે તેમજ મુળ ટી.અરજીના આખરી ચુકાદા તથા અપીલ દાખલ થયા બાદ અસ્તિત્વમાં આવેલ દસ્તાવેજી પુરાવા છે. જેથી રજુ થઈ રહેલ દસ્તાવેજી પુરાવા રેકર્ડ ઉપર લેવા જરૂરી અને ન્યાયોચીત જણાતું હોઈ નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

::– હુ ક મ –::

(૧) એપેલન્ટની આંક–૧૪ ની અરજી મંજુર કરવામાં આવે છે.

(૨) હાલની અરજી સાથેના લીસ્ટવાળા કુલ–૦૩ દસ્તાવેજો રેકર્ડ ઉપર લેવા હુકમ કરવામાં આવે છે.

(૩) ખર્ચ અંગે કોઈ હુકમ નથી.

આજ તા.૩૧મી જાન્યુઆરી–૨૦૨૬ ના રોજ હુકમ કરવામાં આવ્યો.

( જયેશકુમાર શામળદાસ પટેલ )
સભ્ય,ઔદ્યોગિક અદાલત નં.૧,સુરત.
જજ કોડ જીજે૦૦૫૬૧

(સ્ટેનો–એસ.જી.ચૌધરી)